# ઘોઘંબાનાં મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ઘોઘંબા.

ફોજદારી કેસ નં. ૧૬૩૯/૨૦૨૩

ફરીયાદી :– શ્રી સરકાર.

વિરુધ્ધ..

આરોપી:– (૧) અમીત કુમાર ઉર્ફે ગેમો લક્ષ્મણભાઈ ચૌહાણ
(૨) સંજય ઉર્ફે ભેંડી વિક્રમસિંહ ચૌહાણ
(૩) રવિકુમાર ઉર્ફે મુલ્લો લક્ષ્મણભાઈ ચૌહાણ
તમામ રહે. ઘોઘંબા નિશાળ ફળીયું તા. ઘોઘંબા, જી.પંચમહાલ

:: હુકમ ::

(૧) આરોપી સામેનાં પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(એ),૮૧,૮૩,૧૧૬(બી) નાંગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સંબંધેની ઈન્સાફી કાર્યવાહી શરુ થાય તે પહેલા આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરશીશ આ અદાલતમાં આપેલ છે. જેથી ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં પણ આરોપીએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, ગુન્હો કબુલ કરવા તે બંધાયેલા નથી તેમ છતા તેમની કબુલાતને વળગી રહેલ છે. જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાતરી થતાં તે મંજુર કરવામાં આવેલ છે અને આરોપી તેમની સામેના આક્ષેપિત મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) આ કામે આરોપી સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલાત કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સિવાય કોર્ટ પાસે કોઈ વિકલ્પ નથી. આ કામે આરોપીએ કાયદાની આંટીઘુંટીનો લાભ મેળવવાનો પ્રયત્ન કર્યા વગર સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલ કરેલ છે તે સંજોગોમાં નામ. ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરલાલ હરખચંદજી ઠાકોર–૨૦૦૫ જી.એલ.આર. પાના નં. ૭૦૯</u>** થી નોંધાયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, જો આરોપીનો પ્રથમ ગુન્હો હોય અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો, કોર્ટ કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ફરમાવી શકે છે. જેથી આરોપીને પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ),૮૧,૮૩,૧૧૬(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા પ્રત્યેક આરોપીના રૂા. ૧૦૦/– એમ કુલ રૂા. ૩૦૦/–(અંકે રૂપિયા ત્રણસો પુરા) નો દંડ ભરપાઈ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન:–૦૧ (એક )ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) અપીલ સમય બાદ પ્રોહીબીટેડ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે જયારે બાકીના સંબંધે જો કોઈ અન્ય મુદ્દામાલ હોય તો અને જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:–ઘોઘંબા
તારીખ : ૧૪/૦૩/૨૦૨૬

(હરેશ શામળાભાઈ લાંગા)
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
ઘોઘંબા
કોડ નં.જી.જે.૦૧૦૦૦